**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


તા.૨૯/૧૧/૨૦૧૭ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૯૪/૧૭**

**રામોલ પોલીસ સ્ટેશન :**

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.27.11.2017 ના રોજ સિલ્વર સીટી સોસાયટી સામે બનેલ ખુનના બનાવનો ભેદ ઉકેલાયો. ત્રણ આરોપીઓની ધરપકડ

ગઇ તા.27.11.2017 ના રોજ રાતના આશરે સાડા આઠ વાગે હેમરાજ ઉર્ફે પીયુષ રહે. શીવાનંદનગર તથા તેનો ભાઇ શ્રીકાંત બંને જણા સિલ્વર સીટી શકિત પાર્લર પાસે પાન મસાલો ખાવા આવેલ. અને ત્યાં પ્રેમચંદ ઉર્ફે પીન્ટુ રહે. સિલ્વર સીટી તથા તેનો મિત્ર પ્રકાશ કિશન મારવાડી સાથે પાણીના પાઉચ બાબતે બોલાચાલી થતા આ બંને જણાએ હેમરાજ ઉર્ફે પીયુષને ગડદાપાટુનો માર મારેલ. અને ત્યારબાદ જતા રહેલ. અને હેમરાજ ઉર્ફે પીયુષ તેના ભાઇ પવન તથા તેના સાળા કિશનને બોલાવી લાવી ફરીથી આ જગ્યા ઉપર જઇ પ્રેમચંદ તથા પ્રકાશને શોધતા હતા. દરમ્યાન સચિન સત્યનારાયણ ચાવલા નાનો પ્લસર બાઇક નંબર જીજે 27 એએચ 4721 નું લઇને આવી આ હેમરાજ ઉર્ફે પીયુષને ચપ્પાનો સાંથળના ભાગે જોરદાર ઘા મારી નાશી ગયેલ. અને આ હેમરાજ ઉર્ફે પીયુષને એલ.જી. હોસ્પીટલમાં લઇ જતા ડોકટરશ્રીએ મરણ જાહેર કરેલ. આ બાબતે હેમરાજના ભાઇ પવન આનંદભાઇ ખટીક રહે.બ્લોક નં.51/901 શીવાનંદ નગર અમરાઇવાડી નાઓની ફરીયાદ લઇ રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.279/2017 ઇપીકો કલમ 302,323,109 તથા જી.પી.એકટ કલમ 135 (1) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ. અને ઉપરોકત આરોપીઓને શોધી કાઢવા માટે સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર 2 સાહેબ નાઓ તેમજ ના.પો.કમી.શ્રી ઝોન 5 સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી, આઇ ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરવામાં આવેલ. અને આ ગુનાના આરોપીઓ શોધવા માટે સર્વેલન્સ સ્કોડના માણસો તથા આઇ ડીવીઝન કયુઆરટી સ્કોડના માણસો કામે લગાડવામાં આવેલ અને મળેલ બાતમી આધારે આ ગુનાના આરોપીઓ પૈકી (1) પ્રકાશ ઉર્ફે ફુઠો કિશનલાલ ખિચી ઉ.વ.29 રહે. સી/16 સિલ્વર સીટી સોસાયટી મહેશ્વરી રોડ વસ્ત્રાલ તથા (2) પ્રેમચંદ ઉર્ફે પીન્ટુ ઓમપ્રકાશ ટાંક ઉ.વ.31 રહે. મ.નં.ડી/17 સિલ્વર સીટી સોસાયટી મહેશ્વરી રોડ વસ્ત્રાલ નાઓને તા.28.11.2017 ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી આઇ ડીવીઝનનાઓના સ્કોડની મદદથી મળેલ બાતમી આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાને તા.29.11.2017 ના ક.15.00 વાગે અટક કરવામાં આવેલ છે. અને આ ગુનામાં જરૂરી પુરાવા મેળવી બનાવ સ્થળથી કિશોર બાઇક મુકીને નાસી ગયેલ. તે બાઇક કબજે કરવામાં આવેલ છે. તેમજ બનાવ સ્થળનું એફ.એસ.એલ. દ્વારા પરિક્ષણ કરાવી જરૂરી નમુના કબજે કરવામાં આવેલ છે. આમ આ ગુનાનો બે દિવસના ટુંકા સમયમાં ભેદ ઉકેલી એક કિશોર અપરાધી સહીત કુલ 3 આરોપીઓ પકડી ગુનાનો ભેદ ઉકેલી નાખવામાં રામોલ પોલીસ અમદાવાદ શહેરને સફળતા મળેલ છે.



**<u>ક્રાઇમ બ્રાન્ચ(એસ.ઓ.જી.):-</u>**

**<u>અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી એકલી જતી રાહદારી મહીલાઓના મોબાઇલ ફોનની લુંટ કરી પોલીસ કન્ટ્રોલ રૂમ તથા ફાયર કન્ટ્રોલ રૂમમાં અમદાવાદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૧ ને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીની ખોટી અફવાઓ ફેલાવી શહેરમાં દહેશત ફેલાવતા ઇસમને લુંટના મોબાઇલ ફોન તથા ઓટોરીક્ષા ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વણશોધાયેલગંભીર પ્રકારના ચાર ગુનાઓનો ભેદ ઉકેલતી</u>**

**<u>અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં૦૧ ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી બાબતે તપાસમાં રહેવા સુચના કરેલ અને જે સુચના આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના અધિકારીશ્રીઓની જુદી જુદી ટીમો પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન એ.એસ.આઇ. હરેશકુમાર કાંતીભાઇ તથા હે.કો.જયેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારેશાહીબાગ અંડરબ્રીજ ખાતેથી અશ્વિન ઉર્ફે પપ્પું s/o લક્ષ્મણભાઇ જ્ઞાનદેવભાઇ મરાઠી (કોષ્ટી-વણકર)ઉવ.૩૨ ધંધો:રીક્ષા ડ્રાઇવીંગ રહે, લક્ષ્મી બેકરીની પાછળ, સોરાબજી કંમ્પાઉન્ડ અંબાજી માતાના મંદિર પાસે, જુના વાડજ, અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ અને તેની પાસેથી લુંટમાં ગયેલ મોબાઇલ ફોન નંગ-૧ તથા ગુનાના ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષા કબ્જે કરવામાં આવેલ. જે આરોપીની પુછપરછ કરતાં જણાવેલ કે,તા.૨૩/૧૧/૨૦૧૭ ના રોજ સીવીલ હોસ્પિટલ ગેટ નં.૦૫ આગળ મારી ઓટોરીક્ષા લઇ ઉભો હતો તે દરમ્યાન એક બહેન જેમને ગાંધીનગર જવાનું હોય તેમને પેસેન્જર તરીકે બેસાડવાનું કહી તેમનોનોકીયા કંપનીનો મોબાઇલ તેમના હાથમાંથી ઝુટવી લુટી લઇ રીક્ષા લઇ ભાગી ગયેલ અને આ મોબાઇલથીફાયરબિગ્રેડ કન્ટ્રોલ રૂમમા ફોન કરેલ કે, સરખેજ થી ભાડુ લઇ કાલુપુર રેલ્વે સ્ટેશને પ્લેટફોર્મ નંબર૧ ઉપર બે અજાણી વ્યક્તિઓ અંદરોઅંદર વાતો કરતી હતી કે પ્લેટફોર્મ નં.૧ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાનો છે' તેવો ફોન કરેલ.

આ આરોપીની વધું પુછપરછ કરતાં જણાવેલ કે તા.૨૫/૧૧/૨૦૧૭ ના રોજ પોતાની રીક્ષા લઇ સુભાષબ્રીજ ગયેલો અને ત્યાંથી એક બહેનને હાંસોલ જવાનું હોય તેઓને રીક્ષામાં બેસાડેલ અને હાંસોલ જવા માટે નીકળેલ અને રસ્તામાં સરદાર પટેલ સ્મારક થી મારી રીક્ષા પરત અંડરબ્રીજ તરફ લઇ ગયેલ અને રસ્તામાં નવા બનતાં શાલીમાર ફ્લેટ આગળ સુમસામ જગ્યાએ રીક્ષાઉભી રાખી રીક્ષામાં બેઠેલ બહેનને નીચે ઉતારી તેઓની પાસેનો સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન લુંટી લઇ રીક્ષા લઇ ભાગી ગયેલ અને આ લુંટના મોબાઇલથી તેણે પોલીસ કન્ટ્રોલ રૂમમાં૧૦૦ નંબર ઉપર ફોન કરી જણાવેલ કે, મેં બે માણસોને વાતો કરતાં સાંભળેલા કે બોમ્બ મુકી પ્લેટફોર્મ નં૦૨ અડધા કલાકમાં ઉડાડી દેવું છે તેવો ફોન રાહુલભાઇ ના નામથી કરેલ અને આ બંન્ને ફોન પોલીસ તેમજ પ્રજાને હેરાન પરેશાન કરવા તેમજ શહેરમાં અફડાતફડી મચે અને ચુટણીનો માહોલ હોય દહેશત ફેલાવવા સારું કરેલ હતા.

બોમ્બ બ્લાસ્ટની અફવા ફેલાવવા બાબતે **(૧)** પશ્ચિમ રેલ્વે અમદાવાદ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૫૯/૧૭ ઇપીકો કલમ ૧૭૭, ૧૮૨, ૫૦૫**(૧)(ખ)**, ૫૦૬, ૫૦૭**(ક)**, ૧૧૪ મુજબ**(૨)** પશ્ચિમ રેલ્વે અમદાવાદ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૬૦/૧૭ ઇપીકો કલમ ૧૭૭, ૧૮૨, ૫૦૫**(૧)(ખ)**, ૫૦૬, ૫૦૭**(ક)**, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ છે

લુંટી લીધેલ મોબાઇલ બાબતે **(૧)** શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૧૯/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ **(૨)** શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૧/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબના ગુનાઓ નોંધાયેલ છે. જેથી આરોપી પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૧૫૦૦/- તથા ઓટોરીક્ષા કિ.રૂ.૫૫,૦૦૦/- ની ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે લઇ આરોપીને આજરોજ તા.૨૮/૧૧/૨૦૧૭ ના કલાક ૧૫/૪૫ વાગેસીઆરપીસી કલમ ૪૧ **(૧)** ડી મુજબ અટક કરી શાહીબાગ પોલીસ સ્ટેશન સોંપવામાંઆવેલ છે.

આ આરોપી આણંદ પોલીસ સ્ટેશનમાં લુંટના ગુનામાં તથા વિધ્યાનગર પોલીસ સ્ટેશનમાં દારૂ પીધેલાના ગુનામાં પકડાયેલ છે. તા.૨૮/૧૧/૨૦૧૭

<u>આ આરોપી વિરુધ્ધમાં હાલમાં તેમજ અગાઉ દાખલ થયેલ ગુનાની વિગત નીચે મુજબ છે</u>

**(૧)** પશ્ચિમ રેલ્વે અમદાવાદ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૫૯/૧૭ ઇપીકો કલમ ૧૭૭, ૧૮૨, ૫૦૫**(૧)(ખ)**, ૫૦૬, ૫૦૭**(ક)**, ૧૧૪ મુજબ

**(૨)** પશ્ચિમ રેલ્વે અમદાવાદ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૬૦/૧૭ ઇપીકો કલમ ૧૭૭, ૧૮૨, ૫૦૫**(૧)(ખ)**, ૫૦૬, ૫૦૭**(ક)**, ૧૧૪ મુજબ

**(૩)** શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૧૯/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ

**(૪)** શાહીબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૨૧/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ

**(૫)** આણંદ ટાઉન પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૪૧/૧૬ ઇપીકો કલમ ૩૯૨ મુજબ

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

-× વટવા પોલીસ સ્ટેશન ×-

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

<u>મિલ્કત સબંધી</u>

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૮૯૭/૨૦૧૭ તા.૨૪/૧૧/૨૦૧૭ પાસા અટકાયતી નામે વસીમખાન સ/ઓ હનીફખાન શાબાઝખાન જાતે-પઠાણ ઉવ.30 રહે. માલીવાડા ખજુરી મસ્જીદની બાજુમાં કુત્બેઆલમ દરગાહની બાજુમાં વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૮/૧૧/૨૦૧૭ ના કલાક ૧૮/30 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.